જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૮/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૫૭૦/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૮/૦૮/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૭	૦	૧૧૬૩૭	૧૭૭૪૮	૦	૧૭૭૪૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૮	૦	૬૨૬૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૭	૦	૧૦૭	૩૭૪	૦	૩૭૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૯૪૫૪	૮૪	૬૯૫૩૮	૭૦૩૬૬	૧૦૩	૭૦૪૬૯
કુલ		૮૫૯૩૦	૮૪	૮૬૦૧૪	૯૪૭૫૬	૧૦૩	૯૪૮૫૯

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૧	૩,૩૫,૮૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૨૦	૮,૨૦,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૫૭૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૨૮૮ દેશી દારૂ, ૧૨૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૪૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨ બિયર ટીન અને ૧ કાર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૨૬ કેસ કરી, ૧૪૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫,૧૯,૪૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૫૭૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૫૭૩/૨૦૨૧**

મેઘાણીનગરઃ નેમીચંદ દયાલચંદ જૈન (ઉ.વ.૬૨) (રહે. ગામ.પોસ્ટ-રઠોડા તહસીલ, થાના-સેમારી જીલ્લો-ઉદયપુર રાજસ્થાન) એ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૮/૨૦૨૧ ના રોજ રાજસ્થાનથી અમદાવાદ મેઘાણીનગર મિનાબજાર પાસે અભિષેક સોસાયટી ખાતેની મુસાફરી દરમ્યાન અજાણી વ્યક્તિએ બેગમાંથી રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી દિનેશકુમાર મિઠ્ઠાલાલ ચલાવે છે.

સોનાની ચેઈન ખેચી તોડી લઇ ગયા :- **સમાચાર યાદી નં.૧૫૭૪/૨૦૨૧**

કાલુપુરઃ રોહિતકુમાર વિરજીભાઈ પાથર (ઉ.વ.૩૨) (રહે. મધુવન સોસાયટી કઠવાડા રોડ નરોડા) તા.૨૭/૦૮/૨૦૨૧ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે કાલુપુર રેલ્વે સ્ટેશનથી પોતાના ઘરે જવા શટલ ઓટો રીક્ષામાં બેસી કાલુપુર ચાર રસ્તા પુલ પાસે ચબુતરા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રોહિતકુમારના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૮૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રોહિતકુમાર પાથરે કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એમ.ચૌધરી ચલાવે છે.

જીવજંતુ કરડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૫૭૫/૨૦૨૧**

વાડજઃ તા.૨૮/૦૮/૨૦૨૧ કલાક ૪/૦૦ વાગ્યાના સુમારે નવા વાડજ રામાપીરના મંદિર પાસે નિર્ણયનગર અંડરબ્રિજ ઉપરના ઝુપડાંમાં રહેતા પુજા દિનેશભાઈ થોરી (ઉ.વ.૨૦) ને જીવજંતુ કરડી જતા સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એન.ચૌધરી ચલાવે છે.

આત્મહત્યા:- **સમાચાર યાદી નં.૧૫૭૬/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ (૧) હિમીલ નિખીલકુમાર પટેલ (ઉ.વ.૩૧) (રહે. સાગર સંગીત હોમ્સ સુરમ્ય બંગ્લોઝની બાજુમાં સાયન્સ સીટી સોલા) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૮/૨૦૨૧ સાજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાતા સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૯/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ખમુભાઇ કાનજીભાઇ ચલાવે છે.

સોલા હાઈકોર્ટઃ (૨) ગાયત્રીબહેન ડો/ઓ મુન્નાલાલ રાજપુત (ઉ.વ.૩૮) (રહે. શ્રીનાથ નીરંજનનગર જનતાનગર ફાટક પાસે ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૮/૨૦૨૧ સવારના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.કે.મકવાણા ચલાવે છે.

રિવરફ્રંટ ઈસ્ટઃ દિપક હરીરામ મુરજાની (ઉ.વ.૪૨) (રહે. સિન્ધી કોલોની સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૮/૨૦૨૧ કલાક ૦૦/૦૧ વાગ્યા પહેલા ઈન્દીરાબ્રીજ ઉપરથી નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કૃષ્ણસિહ બહાદુરસિહ ચલાવે છે.

કૃષ્ણનગરઃ નરેશભાઇ દેવરાજભાઇ નથવાણી (ઉ.વ.૩૬) (રહે. લવકુશ બંગલોઝ કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૮/૨૦૨૧ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે કૃષ્ણનગર લવકુશ બંગલોઝ ખાતે પોતાના મકાનમાં પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હિતેશકુમાર જેશંગભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી